
# અરુણોદય

ડીસેમ્બર-૨૦૧૭

અંક - ૯




સંપાદકીય બોર્ડ

- આર.ડી.દાસ
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા


- કાચની બરણી ને બે કપ ચા
- HAPPY NEW YEAR
- હિંમતે મર્દા તો મદદે ખુદા
- મારી શાળા
- સ્વચ્છતા ફક્ત અભિયાન નથી સ્વભાવ છે.
- ક્લાઈમેટ ચેન્જના પ્રભાવો
- હાયકુ
- શાળા ની પ્રવૃત્તિઓ

# કાચની બરણી ને બે કપ ચા



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

## એક બોધ કથા

જીવનમાં જ્યારે બધું એક સાથે અને જલ્દી-જલ્દી કરવાની ઈચ્છા થાય.... બધું ઝડપથી મેળવવાની ઈચ્છા થાય અને આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગવા લાગે.....

ત્યારે આ બોધકથા *"કાચની બરણી ને બે કપ ચા"* ચોક્કસ યાદ આવવી જોઈએ....!!!

દર્શનશાસ્ત્રના એક સાહેબ (ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે....!!!

એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાચની બરણી (જાર) ટેબલ પર રાખી એમાં ટેબલ ટેનીસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવાની જગ્યા ન રહી ત્યાં સુધી ભરતા રહ્યા....!!!

પછી એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, "શું આ બરણી ભરાઈ ગઈ છે..?!?"

"હા" નો  અવાજ આવ્યો....

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા, ધીરે-ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં-જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં-ત્યાં સમાઈ ગયા.

ફરી એક વાર સાહેબે પૂછ્યું "શું હવે આ બરણી ભરાઈ ગઈ છે....?!?"

વિદ્યાર્થીઓએ એકવાર ફરીથી "હા" કહ્યું....

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે-ધીરે તે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યું, રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા....

ફરી સાહેબે પૂછ્યું, "કેમ.. ? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને..?!?"

"હા... હવે તો પૂરી ભરાઈ ગઈ..!!!" બધા વિદ્યાર્થીઓએ એક સ્વરમાં કહ્યું.....

હવે સાહેબે ટેબલ નીચેથી ચાના ભરેલા બે કપ બરણીમાં ઠાલવ્યા, ને ચા પણ બરણીમાં રહેલી રેતીમાં શોષાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ તો સ્તબ્ધ થઈ ગયા....!!!

હવે સાહેબે ગંભીર અવાજમાં સમજાવાનું શરુ કર્યું....

"આ કાચની બરણીને તમે તમારું જીવન સમજો....

ટેબલ ટેનીસના દડા સૌથી મહત્વપૂર્ણ ભાગ એટલે કે ભગવાન, પરિવાર, માતા-પિતા, દીકરા-દીકરી, મિત્રો, અને સ્વાસ્થ્ય...!!!

નાના-નાના કાંકરા  એટલે કે તમારી નોકરી-વ્યવસાય, ગાડી, મોટું ઘર, શોખ વગેરે....

અને રેતી એટલે કે નાની નાની બેકારની વાતો, મતભેદો, ને  ઝગડા...!!!

જો તમે તમારી જીવનરૂપી બરણીમાં સર્વપ્રથમ રેતી ભરી હોત તો તેમાં ટેબલ ટેનીસના દડા ને નાના-નાના કાંકરા ભરવાની જગ્યા જ ન રહેત... ને જો નાના-નાના કાંકરા ભર્યા હોત તો દડા ન ભરી શક્યા હોત, રેતી તો જરૂર ભરી શકતા....!!!

બસ, આજ વાત આપણા જીવન પર લાગુ પડે છે....

જો તમે નાની-નાની વાતોને વ્યર્થના મતભેદ કે ઝગડામાં પડ્યા રહો ને તમારી શક્તિ એમાં નષ્ટ કરશો તો તમારી પાસે મોટી-મોટી અને જીવન જરૂરીયાત અથવા તમારી ઈચ્છિત વસ્તુ કે વાતો માટે સમય ફાળવી જ ન શકો....

તમારા મનના સુખ માટે શું જરૂરી છે તે તમારે નક્કી કરવાનું છે.... ટેબલ ટેનીસના દડાની ફિકર કરો, એ જ મહત્વપૂર્ણ છે....

પહેલા નક્કી કરી લો કે શું જરૂરી છે... ? બાકી બધી તો રેતી જ છે....!!!

વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા ને અચાનક એકે પૂછ્યું, "પણ સાહેબ... તમે એક વાત તો કહી જ નહિ કે " ચાના ભરેલા બે કપ" શું છે ?"

સાહેબ હસ્યા અને કહ્યું, "હું એ જ વિચારું છું કે હજી સુધી કોઈએ આ વાત કેમ ના પછી...?!?"

"એનો જવાબ એ છે કે,

*જીવન આપણને કેટલું પણ પરિપૂર્ણ અને સંતુષ્ટ લાગે, પણ આપણા ખાસ મિત્ર સાથે "બે કપ ચા" પીવાની જગ્યા હંમેશા હોવી જોઈએ."*



એસ.કે.ચૌહાણ
માધ્યમિક શિક્ષક

# HAPPY NEW YEAR

વિક્રમ સંવત ૨૦૭૪ શરૂ થઇ ચૂક્યું છે. ફરીથી એક નવું વર્ષ ......... આવી રીતે ઘણાં નવા વર્ષો આવીને જતા રહે છે. નવા વર્ષે વ્યક્તિ વીતેલા વર્ષોના લેખાં-જોખાં કરી આવનાર વર્ષ માટે સંકલ્પો – વિકલ્પો નક્કી કરતો હોય છે.

વાસ્તવમાં આપણી અંદર નવું વર્ષ શરૂ થયું કે નહિ તે કેવી રીતે જાણી શકાય એ માટે શ્રી પ્રવિણ ચૌહાણ 'સાહિલ' રચિત નીચે આપેલી ગઝલ ઘણું બધું કહી જાય છે.

GMDC પરિવારના સૌ મિત્રોને નૂતન – વર્ષાભિનંદન

"મળે ખુદની ઓળખ જે દિવસે- એ દિવસ અમારું નવું વરસ,
અને વિશ્વ લાગે સરસ સરસ - એ દિવસ અમારું નવું વરસ,
કોઈ કોડિયાનાં ઉજાસથી કરી ભીતરી જગ ઝળહળતા,
હરી જાય મનનાં બધા તમસ - એ દિવસ અમારું નવું વરસ,
મળી જાય રણના પ્રવાસમાં કોઈ સાથ અમનેય પળવિપળ,
જે કરી દે તૃપ્ત તરત તરસ - એ દિવસ અમારું નવું વરસ
અમે આદમી છીએ એ જ નાતે અજાણ વ્યક્તિની આંખમાં,
મળી જાય સ્નેહ સમી જણસ - એ દિવસ અમારું નવું વરસ,
આ સફરના સઘળાં પ્રવાસીઓ કોઈ જાતનો પરિચય ન હો,
છતાં ભાવે ભેટે અરસ પરસ - એ દિવસ અમારું નવું વરસ,
આ જગતના લોક ખુશી ખુશી લહાણી ખુશીની કર્યા કરે,
રહે ના જીવન કોઈનું નીરસ - એ દિવસ અમારું નવું વરસ,
કોઈ મેલું ઘેલું શિશુ જો 'સાહિલ' સ્મિતની કરી આપ-લે,
ભરે જીવમાં જીવવાનો રસ - એ દિવસ અમારું નવું વરસ"



# " હિંમતે મર્દા તો મદદે ખુદા "




કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માનવજીવન અનેક સંઘર્ષોથી ભરેલું છે. ડગલે ને પગલે કસોટીઓ છે. ઘણી વખત સમય સંજોગો અનુકૂળ ન હોયતો પણ કામ અટવાતું રહે છે. સફળ થતા વાર લાગે છે. કહેવાય છે ને કે :




" સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત કદી નકશામાં નથી હોતી."




હિંમત અને સાહસથી માનવ ધારે તે કરી શકે. કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. આજના આધુનિક માનવ સામે કેટલાયે પડકારો વિકરાળ રાક્ષસની માફક ખડા છે. જો તે મનથી હારી જાયતો જીવન દુષ્કર બની જાય.

Life is a struggle , fight it. ખુદા પણ કઠિન કામની કસોટી કરે છે. જે પોતાની જાતને મદદ કરે છે, તેને ખુદા જરૂર મદદ કરે છે. આત્મવિશ્વાસ થી ભરપૂર માનવને હિમાલય પણ નથી નડતો.



એવા કેટલાય ઉદાહરણો છે જેમણે જીવનમાં આવી પડેલા પડકારોનો હસતા મોઢે સામનો કર્યો છે હિંમત કદી ગુમાવી નથી. એવી એક નામાંકિત ભારતીય રાષ્ટ્રીય સ્તરની મહિલા ખેલાડી – જેનું નામ અરૂણિમા સિન્હા છે. તે એક વખત ચાલતી ટ્રેનની હડફેટે આવી જાય છે. કલાકો બાદ તેને હોસ્પિટલ પહોંચાડય છે. પરંતુ કરુણતા તો જુઓકે એ હોસ્પિટલમાં અરુણિમાને બેભાન કરવા માટે જરૂરી એનેસ્થિયા ન હતું. ત્યારે આ હિંમતવાન મહિલાએ એનેસ્થિયા વગર જ પોતાના પગ સાજા કરવામાં આવે તેવી હિંમત દર્શાવી. જેણે ભારતનું માઉન્ટ એવેરેસ્ટ જ નહિ પરંતુ આફ્રિકાનું કિલિમાંજારો, ઓસ્ટ્રેલિયાનું કોજિઅસ્કો , દક્ષિણ આફ્રિકાનું માઉન્ટ અકોકાગુઆ વગેરે તે સર કરી ચૂકી છે.

એમ જરૂર કહી શકાય કે.........

કદમ અસ્થિર હોય એને રસ્તો નથી જડતો,

અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો.

# મારી શાળા



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

આ મારી શાળા છે
શાળા માં હુ માત્ર એક શિક્ષક છું
સંસ્કાર,ચારિત્ર્ય,સદભાવના,
વિદ્યાર્થી માં કેળવનાર "માં " પછી નો હું જ સ્ત્રોત છું.
દરેક બાળક નસીબ લઈને જ જન્મે છે.
પણ હથેળી ની ભાગ્ય રેખા ને;
કાળાપાટિયા પર ઊજળી બનાવનાર;
હું જ 'વિજળી ' છુ.
વિદ્યાર્થી નુ લક્ષ્ય ચંદ્ર હોય કે સૂર્ય;
પ્રેમથી એનો હાથ પકડી;
લક્ષ્ય સુધી પોહચાળનાર,
હું જ માત્ર 'સીડી ' છુ.
શાળા તો રંગરંગી ફૂલો નો ઉપવન છે.
હું ઈશ્વરનો આભારી છું કે
હું આ ઉપવન નો 'માળી' છુ.
કાંટાઓને દૂર કરી 'સમાજ 'ને
સુગંધી 'ગુલદસ્તાઓ ' અર્પણ કરું છું.
આ મારી શાળા છે.
શાળા માં હુ માત્ર એક શિક્ષક છું.






પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

# સ્વચ્છતા ફક્ત અભિયાન નથી સ્વભાવ છે.

માનવજીવનમાં  સ્વચ્છતાના શિક્ષણને અગત્યનું ગણાવાય છે. સ્વચ્છતાનો પ્રારંભ  'સ્વ'  ની ઈચ્છાશક્તિથી શક્ય બને છે. આપણા તન અને મનની જેમ આપણાં ગામ , શહેર  અને દેશને  પણ સ્વચ્છ રાખવાની જવાબદારી આપણા સૌની છે. મારા એકલાથી શું થાય ?  આ વિચારધારા બદલવીજ  પડશે. જે રીતે ટીપેટીપે સરોવર ભરાય , તેમ એક – એક નાગરિકે પોતાનો સહયોગ અને સહકાર આપી સ્વચ્છતાના મિશનને સફળ બનાવવા મદદરૂપ થવું પડશે.

વડીલો અને ઉન્નત  નાગરિકો , સ્વચ્છતાના પાઠ જેટલી ત્વરાથી અપનાવે તો બાળકોને સ્વચ્છતાના સંસ્કાર સહજતાથી પ્રાપ્ત થાય સ્વચ્છતા ફક્ત અભિયાન ન બની જાય પરંતુ તે આદત અને સ્વભાવ બને તો દરેક દેશવાસીનું કલ્યાણ થાય.

કોઇ  ચીજ પોતાના યોગ્ય સ્થાન પર ન હોયતો તે જરૂર  બીજાને  તકલીફ પહોચાડે છે ,અયોગ્ય સ્થાન પર તે કચરા જેવી – સાબિત થાય. પરંતુ ગલીના નાકે ઉકરડો ગણાતો વેસ્ટ કચરો ખેતરમાં ખાતર બની જાય છે. આ માટે  વેસ્ટ રિસાયકલીંગનું વ્યાવસાયિક વિજ્ઞાન આર્થિક સામાજિક દ્દષ્ટિકોણથી ઠેક ઠેકાણે વિકસાવવાની ખાસ જરૂર છે. આ માટે નાના માં નાના એકમ  ગ્રામપંચાયત  , નગરપાલિકા અને સામાજિક સંગઠનો ખૂબ સુચારૂ આયોજન કરી સ્વચ્છ ભારતનું નિર્માણ કરી શકે –

**Cleanliness is the  only  medicine to all disease**

વાઈફાઈમાં સમય વિતાવતા આપણે સૌએ  સફાઇ માટે પણ કટિબધ્ધ બનવું પડશે. સ્વર્ગમાં  બધાને જવું છે ખરૂં પરંતુ મરવા માટે કોઇ તૈયાર નથી. ફક્ત અભિયાનમાં ફોટા પડાવવા માટે નહિ પરંતુ દેશના એક નાગરિક તરીકે સ્વચ્છતાને આદત અને સ્વભાવ બનાવીએતો ઝડપથી આ મિશન સફળ થશે.

ચાલો સૌ  સાથે મળી સ્વચ્છતાને બાહ્ય રીતે નહી પરંતુ આંતરિક રીતે મનથી પોતાના આત્મસંતોષ માટે સંપૂર્ણ યોગદાન આપી સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર કરીએ.

# કલાઈમેન્ટ ચેન્જના પ્રભાવો



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક




૧. વર્ષા તથા બરફ પડવાની ક્રિયામાં ફેરફાર .
૨. પ્રાણીઓના આવાસ તથા જીવનચક્રમાં ફેરફાર.
૩. બરફવર્ષામાં ઘટાડો .
૪. તાકાતવાર વિનાશકારી તોફાન .
૫. વધતું તાપમાન તથા ગરમ હવા .
૬. દુષ્કાળ તથા દાવાનળમાં વધારો .
૭. જમીન તથા પહાળોનું સ્તર જે આખું વર્ષ જામેલુ રહે છે .
૮. ક્ષતિગ્રસ્ત પરવાળાં .
૯. સમુદ્રના જળસ્તરમાં વધારો .
૧૦. ગરમ થઈ રહેલા મહાસાગરો .
૧૧. વનસ્પતિના જીવનચક્રમાં ફેરફાર .

# હાયકું



એમ.ડી.સોની
પ્રાથમિક શિક્ષક

" હાયકુ જાણે
બીજમાં સમેટાયું
હો વટવૃક્ષ ! "

પરનિંદા તો
હો જાણે ખરજવું ,
સૌ ખણ્યા કારે !

સંત ખેલવે
માનવ જીવનમાં
સદા વસંત !

ક્ષણેક્ષણની
સમજાવે કીંમત
તે જ શિક્ષણ

ગૌરવ વિના
ગુરુ , જાણે સૌરભ
વિનાનું ફુલ

આળસ શત્રુ
મહાન , શરીરમાં
રહી સતાવે !

વિચાર ભળે
આચારમાં તો સાચો
સદાચાર એ !

સાંભળો તેથી
બોલો અડધું , કાન
બે , જીભ એક !

સરખામણી
જગે, પ્રભુપાસે સૌ
સરખા મણિ !

ગોળ દેનારા
જ દેતાં ગાળો , જતાં
સમયગાળો !

સીધી લાકડી
વાંકી દીસે જલમાં,
આંખ છેતરે !

વહેલી મોડી
ઉગે બધાને , દાઢ
ડહાપણની

તનને રજા
રવિવારે , મનને
તો મૌનવારે !

સ્વાર્થમાં નર્ક ,
સ્વર્ગ પરમાર્થમાં ,
વધુ શું કહું ?

આચકો કદી
ન અન્યાથી , નિજને
જે પ્રતિકૂળ !

આગ પચાવી
અંતરમાં સાગર
તો ગીત ગાતો !










ચિત્ર સ્પર્ધા





# શાળા ની પ્રવૃતિઓ













સ્ટુડન્ટ માસ્ટરી









આર્ટ ઓફ ટીચીગ